ખેડબ્રહ્મા તાલુકા પંચાયતની બાંધકામ શાખામાં થતા ભ્રષ્ટાચાર સામે ટી.ડી.ઓના આંખ આડા કાન

(તસવીર : રમેશ વૈષ્ણવ)

ખેડબ્રહ્મા, તા.૨૭

ખેડબ્રહ્મા તાલુકા પંચાયતની બાંધકામ શાખા દ્વારા આદિવાસી અંતરિયાળ વિસ્તારમાં અનેક યોજનાઓ હેઠળ કામ ચાલી રહ્યા છે. જેમાં આર.સી.સી. રોડ, ગટર લાઈન, વિવિધ આવાસ યોજનાઓ માટે રાજય સરકાર દ્વારા લાખો રૂપિયાની ગ્રાન્ટો ફાળવવામાં આવે છે.

આર.સી.સી. રોડ ગામ તથા ફળિયાને જોડતા કોઈ પ્રજા માટે આશીર્વાદ રૂપ હોય છે. પણ આ રોડની ગુણવત્તા જોવાની જેમની જવાબદારી હોય છે તે તાલુકા બાંધકામ શાખાના અધિકારી માત્ર ટકાવારીમાં જ રસ રાખતા હોઈ અને કામોની ગુણવત્તા જોયા વગર બીલો પાસ કરી નાંખવામાં આવતા આ આર.સી.સી. રોડની અંદર નાંખવામાં આવતી રેતી-કપચી-કાંકરેટ અલગ થઈ જાય છે જયાં આર.સી.સી. રોડની જગ્યાએ ફકત ધૂળ જ જોવા મળે છે.

ખેડબ્રહ્મા તાલુકાની અંદર આવેલ જે તે પંચાયતોની અંદર આવેલ ગામો ફળિયાઓને જોડતા આરસીસી ના કામો અંદર નિયત મુજબ એસ્ટીમેન્ટ પ્રમાણે કામ ન થતા માત્ર ભ્રષ્ટાચાર કરી કામોમાં વેઠ વાળવામાં આવે છે. આવા રોડ પ્રથમ વરસાદમાં જ ધોવાઈ જાય છે. તેમ છતાં જવાબદાર અધિકારીઓ આંખો બંધ કરીને રોડના બીલ પાસ કરી તેમની ટકાવારી ખિસ્સામાં નાખી સબ સલામત ચલાવી રહ્યા છે.

થોડા સમય પહેલા ઉંચી ધનાલ ગામે ગટર યોજના હેઠળ બનાવવામાં આવેલ ગટરો ભંગાર હાલતમાં થઈ ગઈ છે. આમ છતાં તાલુકા પંચાયત જવાબદાર અધિકારી સ્થળ ઉપર ગયા વગર ટેબલ પર બેઠા બેઠા બીલ પાસ કરી નાંખવાનું ગામ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. ગામ લોકો દ્વારા આ અધિકારીઓની ઉચ્ચ કક્ષાએથી તપાસ થાય તેવું ઈચ્છી રહ્યા છે.

ડીસાનાં ગાયત્રી મંદિર પાસે ડમ્પરની ટક્કરે માસુમનું મોત

ડીસા, તા.૨૭

ડીસાનાં હાઈવે રોડ પર આખો દિવસ યમદૂત સમાન વાહનો બેફામ ગતિએ દોડતા નિત્ય અહી નાના-મોટા અકસ્માતો સર્જાય છે, તો વળી, અહી અનેક રાહદારીઓંનાં વાહનો ની ટક્કરે મોત થયેલ છે ત્યારે વધુ એક અકસ્માતનાં બનાવમાં ગાયત્રી મંદિર નજીક એક ડમ્પર ચાલકે સાયકલ પર સવાર એક પંદર વર્ષીય કિશોર ને અડફેટે લઈ કચડી મોતને ઘાટ ઉતરતા લોક રોષ ફાટી નીકળ્યો હતો.

વિકસિત ડીસા હાલ ટ્રાફિક નિયમનના અભાવે એક્સીડેન્ટ ઝોન સીટી તરીકે પણ નામાંકિત થયેલ છે જેમાય ડીસા નો હાઈવે વિસ્તાર માં માર્કેટ યાર્ડ, દીપક હોટલ અને જલારામ મંદિર તથા ગાયત્રી મંદિર શહેરમાં -વેશ વાના મુખ્ય માર્ગો હોઈ આ જગ્યાએ નિત્ય ટ્રાફિક નિયમનનાં અભાવે અકસ્માતો થાય છે. જેમાં રાહદારી ઓં મોટાભાગના કિસ્સામાં મોતને ભેટે છે આવો જ એક નવીન બનાવ આજ રોજ ગાયત્રી મંદિર હાઈવે રોડ પર નોધાયો છે જેમાં કપચી ભરેલું એક ડમ્પર બનાસ નદીથી પાલનપુર તરફ જતા ગાયત્રી મંદિર પાસે આવ્યું હતું. તેવા જ સમયે મુખ્ય બજાર થી આવતા એક સાયકલ

પર સવાર એક પંદર વર્ષીય કિશોર ને અડફેટે લીધો હતો આ ડમ્પર ચાલકે સ્પીડ બ્રેકર ની પણ પરવા કર્યા વિના બેફામ ગતી એ પોતાનું વાહન ચલાવતા માંગીલાલ ગેનાજી જાત નામનો ૧૫ વર્ષીય કિશોર ડમ્પર નાં રાક્ષસી ટાયરો નીચે આવતા તેની ખોપરી ફાટી ગયી હતી અને તે ઘટના સ્થળે જ મોત ને ભેટ્યો હતો. નિત્ય ભરચક રહેતા આ રોડ પર આ કરુનાતીકા સર્જાતા લોકો દોડી આવ્યા હતા જો કે ડમ્પર ચાલક ભાગી છૂટ્યો હતો. જે બાદ પોલીસે આવી મૃત બાળક નો કબજો સાંભળી તેને પી.એમ.અર્થે સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો જો કે પોલીસ ની નિષ્ક્રિય કામગીરી અને આવા ભારે વાહનચાલકો ની છાશવારે બહાર આવતી બેદરકારી થી નિર્દોષો નાં જીવ જવાથી લોકો રોષે ભરાયા હતા અને તેબાદ તેમને ડમ્પર નાં કાચ ફોડી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો, તોવલી, કેત્લ્લક લોકો એ આ ડમ્પર ની ડીઝલ ની ટાંકી ને આગ ચાપી હતી, જોકે નસીબ જોગે આગ નો ભડકો થઈ ટાંકી ની આગ બુઝાઈ જતા મોટી દુર્ઘટના તાલી હતી. જે બાદ પોલીસ ટુકડી ઓં બનાવ ની ગંભીરતા સમજી દોડી આવી હતી અને ઉશ્કેરાયેલા લોકો વધુ નુકસાન કરે તે પહેલા મામલો સંભાળ્યો હતો આ ઘટના થી થયેલ અફ્ર-તફરી માં કલાકો સુધી ચક્કા જામ જેવી સ્તીથી સર્જાઈ હતી અને લોકો એ પોતાનો રોષ પોલીસ અને વાહનચાલકો પર ઠાલવ્યો હતો

જો અગાઉ અહી ટ્રાફિક નિયમન સરળ બનાવવા નેશનલ હાઈવે ઓથોરીતી એ શહેર ઉપર થી ઓવર - બ્રીઝ બનાવવા હિલચાલ કરી હતી જો કે આ વિસ્તારો માં ડોક્ટર ઝોન આવેલ હોઈ તબીબો અને અન્ય હિત ધરાવતા લોકો એ વિરોધ નોધાવી ઓવર - બ્રીઝ બનાવવા નું કામ પડતું મુકાવવા માં સફળતા મેળવતા આજ દિન સુધી આ વિકસિત શહેર ઓવર - બ્રીઝ થી વંચિત રહેતા નિત્ય અહી અકસ્માતો માં અનેકો હોમાય છે જયારે બીજી તરફ આ નવીન અકસ્માત મામલે ડીસા ઉત્તર પોલીસે ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

લક્ષ્મીપુરા-કરૂડાને જોડતા ભીમાક્ષી નદી ઉપરનાં પૂલનું ખાતમુહૂર્ત

કેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા અને કરૂડા ગામ વચ્ચે પસાર થતી ભીમાક્ષી નદી ઉપરના નવીન પૂલનું મંગળવારના રોજ ખાતમુહૂર્ત કરવામાં આવ્યુંહતું. જેથી પૂર્વ વિસ્તારના ગામોના લોકોમાં આનંદની લાગણી ફેલાઈ છે. આ પ્રસંગે લક્ષ્મીપુરાનાં સરપંચ આનંદીબેન મોઘજીભાઈ પટેલ - તાલુકા પંચાયતની સામાજીક ન્યાય સમિતિના ચેરમેન રમેશભાઈ એ. પરમાર, તલાટી નલીન ગાંધી સહીત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ખેડબ્રહ્મા તાલુકા પંચાયતની બાંધકામ પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર જે.સી. પટેલના જણાવ્યા અનુસાર ઓ.ડબલ્યુ.આર. યોજના અંતર્ગત રૂ. ૬૨ લાખના ખર્ચે આ નવીન પુલ તૈયાર થશે જેથી લક્ષ્મીપુરા-કરૂડા-દામાવાસ સહીતના અન્ય ગામોના લોકોને ચોમાસામાં પડતી મુશ્કેલીનો અંત આવશે અને લોકોની સગવડમાં વધારો થશે.

નારાયણ સાંઈની સહી મામલે નિષ્ણાંતની મદદ લેવામાં આવશે

નારાયણ સાંઈને ઝડપી પાડવા માટે સુરત પોલીસ નિષ્ક્રિય સાબિત થઈ : સાંઈ પોલીસને હાથતાળી આપવામાં સફળ

સુરત, તા.૨૭

બળાત્કાર કેસમાં નાસતા ફરતા નારાયણ સાંઈએ તેમના વકીલ દ્વારા કોર્ટમાં આગોતરા જામીન અંગે અરજી કરી હતી. જો કે નામદાર કોર્ટે તેને નામંજુર કરી હતી. આગોતરા જામીન અરજીમાં તેણે રજુ કરેલી એફીડેવિટ અને પાસપોર્ટ સહિતના દસ્તાવેજોમાં તેની સહીમાં તફાવત હોઈ આ સહીની હસ્તાક્ષર નિષ્ણાંત પાસે ચકાસણી કરાવવા માટે નારાયણની મુળ જામીન અરજીની કોપી માંગતી પોલીસની અરજી એડિશનલ સેશન્સ જજ પી.પી. શાહે મંજુરી આપી હતી.

સુરતના જંહાગીરપુરા પોલીસ મથકમાં નોંધાયેલી બળાત્કારની ફરિયાદ બાદ નારાયણ સાંઈ સતત પોલીસને હાથતાળી આપી ભાગી રહ્યો છે ત્યારે તેમને ઝડપી પાડવા માટે સુરત પોલીસ નિષ્ક્રિય સાબીત થઈ રહી છે ત્યારે બીજી તરફ બળાત્કારના કેસમાં નારાણ સાંઈએ આગોતરા જામીન અરજી દાખલ કરી ત્યારે તેના વકીલોએ દિલ્હીના નોટરીની એફિડેવીટ કોર્ટમાં રજુ કરી હતી. જિલ્લા સરકારી વકીલ નયન સુખડાવાલાએ આ નોટરીએ નારાયણ સાંઈ તેમની પાસે રૂબરૂ આવ્યો નથી અને એફિડેવિટનો જે સમય બતાવાયો તે સમયે તે હોસ્પિટલમાં સારવાર લેતા હતા અને તેમની ગેરહાજરીમાં તેમનું રજિસ્ટર કોઈ લઈ ગયાના નિવેદન અંગે કોર્ટનું ધ્યાન દોર્યું હતું.

ભાગેડુ નારાયણની સહીમાં તફાવત અંગે તેમણે જણાવ્યું હતું કે નારાયણના પાસપોર્ટ અને અન્ય દસ્તાવેજોમાં તેની સહીમાં ઘણો તફાવત દેખાય છે. તેમણે નારાયણ સાંઈની એફિડેવીટમાં સહિનો તફાવત જોતાં તેની હસ્તાક્ષર નિષ્ણાંત પાસે ચકાસણી કરાવવા માટે મુળ જામીન અરજીની કોપીની માંગણી કરતા અરજી કરી હતી. જેની આજે સુનાવણીમાં બંને પક્ષોની દલીલો સાંભળી કોર્ટે જામીન અરજીની કોપી માંગતી અરજી મંજુરી કરી હતી.

તલોદમાં વિકલાંગ બાળકો માટે તપાસણી કેમ્પ યોજાયો

તલોદ, તા.૨૭

સર્વ શિક્ષા અભિયાન બી.આર.સી. ભવન તલોદ સાબરકાંઠાના ઉપક્રમે તલોદ સિવિલ હોસ્પિટલ ખાતે વિકલાંગ બાળકો માટે વિકલાંગતાની ટકાવારીના પ્રમાણ પત્રો આપવાનો કેમ્પ યોજાયો હતો. સર્વ શિક્ષા અભિયાન બી.આર.સી. તલોદ તેમજ તલોદ તાલુકા અને સાબરકાંઠા જિલ્લાના ઈ.ઈ.ડી. વિભાગના કો. ઓર્ડિનેટર અમિતભાઈ કવિ તથા જિજ્ઞેશ પટેલના માર્ગદર્શન હેઠળ આ કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં વિકલાંગ બાળકો માટે સિવિલ હોસ્પિટલ તલોદ ખાતે નિષ્ણાંત ડૉક્ટર દ્વારા વિકલાંગતાના પ્રકારોની ચકાસણી કરી ૫૦ જેટલા બાળકોને વિકલાંગતાની ટકાવારીના પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. પુરતો પ્રચાર બી.આર.પી., આઈ.ઈ.ડી. તથા સી.આર.સી. દ્વારા કરવામાં આવ્યો હતો. તેમાં અપેક્ષિત સફળતા મળવા પામી હતી.

મુખ્યમંત્રીના મત વિસ્તારમાંથી કુટણખાણુ ઝડપાતાં ચકચાર

બે મહિલા સહિત ચારની ધરપકડ કરાઈ : મુખ્ય સૂત્રધાર મહિલા ફરાર થતાં ઝડપવા પોલીસે કાર્યવાહી હાથ ધરી

અમદાવાદ,તા. ૨૭

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના મત વિસ્તાર મણિનગરમાંથી મંગળવારે રાત્રે કુટણખાનું ઝડપાયું હતું. સ્થાનિક લોકોએ રેડ પાડીને એક ફ્લેટમાં ચાલતા આ અનૈતિના ધામને ઝડપી ત્રણ વ્યક્તિઓને પોલીસ હવાલે કર્યા હતા. પ્રાપ્ત થતી માહિતી મુજબ છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ શહેરમાં દેહ વિકરણ અને કુટણખાણાના અનૈતિક પ્રવૃત્તિઓ ફૂલી ફાલી છે. આનૈતિક બીમારી ગેસ્ટ હાઉસો અને હોટલોમાંથી લઈ શહેરના ભદ્ર વિસ્તારો અને રહેણાંક ફ્લેટો સુધી પહોંચી ગઈ છે. અમદાવાદ શહેરના મણિનગર વિસ્તારમાં જગાભાઈ પાર્કમાં આવેલ આશીર્વાદ એપાર્ટમેન્ટમાં ફ્લેટ નંબર ૩માંથી મંગળવારે મોડી રાત્રે કુટણખાણું ઝડપાયું હતું. આ ફ્લેટમાં અનૈતિક પ્રવૃત્તિઓ ચાલતી હોવાની આ ફ્લેટના સ્થાનિક રહીશો કંટાળી ગયા હતા. આખરે મંગળવારે રાત્રે આ રહીશોએ ફ્લેટના આ મકાનમાં રેડ પાડી હતી. તે દરમિયાન બે યુવતીઓ અને બે પુરુષોને કઢંગી હાલતમાં રંગે હાથે ઝડપી પાડ્યા હતા.જ્યારે આ ધંધા સાથે સંકળાયેલી એક સ્ત્રી અને એક પુરુષ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

આ અંગે ફ્લેટના રહીશ નિરવ પટેલે જણાવ્યું હતું કે લાંબા સમયથી આ મકાનમાં અનૈતિક પ્રવૃત્તિઓ ચાલતી હતી જેનાથી લોકો કંટાળી ગયા હતા. વહેલા મોડા ઘરમાં પરત ફરતા સ્ત્રીઓ અને બાળકોને પણ આ અનૈતિક જાણથી શરમ અને સંકોચની સ્થિતિમાં મૂકાવવું પડતું હતું. જેનાથી કંટાળી આખરે સોસાયટીના રહીશોએ રેડ પાડવાનો નિર્ણય કર્યો હતો જેમાં બે સ્ત્રીઓ અને બે પુરુષો કઢંગી હાલતમાં ઝડપાયા હતા જેમની ઝડપી લઈ મણિનગર પોલીસને હવાલે કરાયા હતા. મણિનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર વિષ્ણુદાન ગઢવીએ સ્થાનિક લોકોની સહાયથી કઢંગી હાલતમાં ઝડપાયેલ ભુપેન્દ્ર ગિરધરભાઈ પટેલ અને દિયા મિલિન્દ તિવારીની ધરપકડ કરી હતી. તેમજ આ ફ્લેટમાં રહેતા મીનાબેન શાહની કુટણખાણા અંગે સઘન પૂછપરછ કરવામાં આવી હતી. આ સમગ્ર કૌભાંડમાં સંડોવાયેલી સૂત્રધાર મહિલા ઘટના સ્થળેથી નાસી છૂટવામાં સફળ રહી હતી જેને પકડવા પોલીસે આગળી કાર્યવાહી હાથ ધરી છે.

પાલનપુરમાં હાઈવે પરથી આધેડનો મૃતદેહ મળ્યો

પાલનપુર, તા. ૨૭

પાલનપુર શહેરના આબુ હાઈવે પર આવેલા અંગોલા રોડ પર એક આશરે ૫૦ વર્ષીય આધેડ શખ્સનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામેલ છે. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. ઠંડી શરૂ થતા આ અજાણ્યો શખ્સ ઠંડીથી ઠુંઠવાઈને મૃત્યુ પામ્યો હોવાનું પહેલી નજરે જણાઈ રહ્યું છે.

સફાઈ કર્મીઓ દ્વારા મ્યુનિ. કોર્પોરેશનમાં રજુઆત કરાઈ

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ કરેલ કામદારો તેમજ તે સિવાય કોર્પોરેશન દ્વારા રોકેલ કામદારોને સરકારી ધારાધોરણ પ્રમાણે વેતન, રજાઓષ પેન્શન તેમજ કામદારોને કાયમી કરવા માટેનો હક્ક મ્યુનિ. કમિશ્નર સમક્ષ રજુઆત કરી હતી પરંતુ તે આવેદનપત્રનો કોઈ જવાબ ન મળતા બુધવારના રોજ મ્યુનિ. કોર્પોરેશન ખાતે સફાઈ કામદારોનો મોરચો ઘસી આવ્યો હતો.

એક બાજુ સફાઈ કામદારોને વર્ષોથી ઓછું વેતન મળે છે તેમજ સુપ્રિમ કોર્ટે મેનસ્કેવેન્જીંગ પર પ્રતિબંધ મુકેલ છે.

ઉપરાંત કોર્ટ મેન સ્કેવેન્જીંગ કાર્ય માટે મશીનનો જ ઉપયોગ કરવા અર્થે હુકમ જાહેર કરેલો છે, પણ સુપ્રિમ કોર્ટના જાહેરનામાનો સતત ભંગ થાય છે. કોર્પોરેશન દ્વારા ચાર કલાકના રૂા. ૧૦૦ અને ૮ કલાકના રૂા. ૨૧૦ ચુકવવામાં આવે છે. સફાઈ કામદારો હાથથી મેનેસ્કેવેન્જીંગનું કાર્ય કરે છે. સફાઈ કામદારોનું સામાજીક સ્તર ખૂબ નીચું છે.

સંસ્થા દ્વારા કોન્ટ્રાક્ટથી અને અન્ય રીતે કામ કરતાં કામદારોને સતત અન્યાય કરવામાં આવી રહ્યો છે. રોજીંદા દૈનિક ધોરણે કામ કરતાં કામદારો, પાર્ટ ટાઈમ કામદારો તેમજ અન્ય કામદારોને પ્રથમ દિવસથી જે તે પગાર સ્કેલમાં મુળપગાર, મોંઘવારી ભથ્થુ અને અન્ય લાભો ચુકવવાની જોગવાઈ છે. કામદારો ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી કામ કરતાં હોવા છતાં તેઓને કાયમી કરવામાં આવ્યા નથી અને સતત અન્યાય કરવામાં આવે છે.

કામદારોએ માંગણી કરી છે કે કામદારોને પાંચ વર્ષ અને ૯૦૦ દિવસની નીતિ પ્રમાણે કાયમી કરવામાં આવે તેમજ તમામ રજાઓનું એરીઅર્સ તેઓના ખાતાઓમાં જમા કરાવામાં આવી. મ્યુનિ. કમિશ્નર કામદારોની માંગણીનું નિરાકરણ નહીં લાવે તો ૧૧ ડિસેમ્બરથી દરેક કામદારો હડતાલ પર જશે.

લક્ષ્મીપુરાના બચત મંડળના રોજગારલક્ષી સપ્લાય યુનીટની શરૂઆત

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામમાં મિશન મંગલમ્ પુરસ્કૃત સંત રોહીદાસ બચત મંડળ દ્વારા રેતી અને કપચી સપ્લાય યુનીટની તાજેતમાં શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે યોજાયેલ સમારંભમાં ઉદ્દઘાટક તરીકે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનાં નિયામક ભાર્ગવીબેન દવે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મુખ્ય મહેમાન તરીકે મિશન મંગલમના એ.પી.એમ. આનંદભાઈ જોષી, ટી.ડી.ઓ. કે.જી. પટેલ, લક્ષ્મીપુરાના મહીલા સરપંચ આનંદીબેન પટેલ, દેના બેંકના બ્રાન્ચ મેનેજર નરેશભાઈ ખરાડી, તાલુકા પંચાયતની સામાજીક ન્યાય સમિતિના ચેરમેન રમેશભાઈ પરમાર તલાટી નલીન ગાંધી સહીત મોટી સંખ્યામાં મંડળના સભ્યો, સખી મંડળના સભ્યો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભને સફળ બનાવવા મંડળનાં પ્રમુખ જશોદાબેન આર. પરમાર, મંત્રી રજુબેન ડી. ડાભી તથા સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

પાલનપુરમાં આવેલી કે.મા. ચોકસી પ્રાથમિક શાળામાં મહેંદી, ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં કાનૂની સત્તામંડળના કરુણાબેન સોલંકી, પ્રિન્સિપાલ વિરચંદભાઈ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

ધનસુરામાં પૂરપાટ વેગે દોડતી કારની અડફેટે આવી ગયેલા યુવાનને ગંભીર ઈજાઓ

ધનસુરા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના ધનસુરાથી મોડાસા તરફના માર્ગ પર મોડાસા તરફથી પૂરપાટ વેગે આવી રહેલી એક મારૂતિ કારે ધનસુરાના જનતાનગરના રહેવાસી ઈશ્વરભાઈ સોમાભાઈ વાઘરી (ઉં.વ.૪૨)ને ટક્કર મારતા તેઓ હવામાં ફંગોળાઈ નીચે પટકાતા તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઘાયલને ધનસુરા ખાતેની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના હાજર તબીબ ડૉ. કાજોલ સુવેરાએ તાત્કાલીક સારવાર આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ આજ અખબારમાં મોડાસા ધનસુરા રોડ પર મામલતદાર કચેરી પાસે આવેલા ચાર રસ્તા પાસે અકસ્માતોનું પ્રમાણ વધુ હોવાથી સ્પીડ બ્રેકર મુકવાની જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું. વારંવાર નાના મોટા અકસ્માત થતા હોવાથી આ સ્થળે સત્વરે બમ્પ મુકાય તેવી ધનસુરાની પ્રજામાં માંગણી ઉઠવા પામેલ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૬૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ તથા મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેન્જ

EXIDE | કેસ્ટ્રોલ

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સેન્ટર